વડીલોને વંદન

અભિનંદન



ભૂપેન્દ્રભાઈ એસ. શાહ
(૧૯૫૨)

### લોકસભાની બે તથા વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી માટે

# આજે ભાજપ-કોંગ્રેસ ઉમેદવારોની જાહેરાત કરશે

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે તા. ૨જી જૂનના રોજ યોજાનારી પેટાચૂંટણી માટે મુખ્ય રાજકીય પક્ષો ભાજપ તથા કોંગ્રેસ ઉમેદવારોની પસંદગીની પ્રાથમિક પ્રક્રિયા પૂર્ણ કરી દીધી છે અને સોમવારે સાંજ સુધીમાં બન્ને પક્ષોના ઉમેદવારોના નામની સત્તાવાર જાહેરાત થઈ જશે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નિવાસ સ્થાને ગાંધીનગરમાં આજે સાંજે છ વાગે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડની બેઠક શરૂ થઈ હતી. જેમાં મુખ્યમંત્રી સહિત પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા તેમજ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યોએ ઉમેદવારોની પસંદગીને આખરી ઓપ આપ્યો હતો. અને પોરબંદર તથા બનાસકાંઠાની લોકસભાની બેઠક માટે તેમજ લીંબડી, ધોરાજી, જેતપુર અને મોરવાહડફની બેઠક માટેના ઉમેદવારોની પેનલ તૈયારી કરી હાઈકમાન્ડ પાસે આખરી મંજુરી માટે મોકલી આપવાની તજવીજ પણ હાથ ધરવામાં આવી હતી. જ્યાંથી સોમવાર સાંજ સુધીમાં ઉમેદવારોના નામ જાહેર થઈ જશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. જ્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા ત્રણ-ચાર દિવસ અગાઉ મળેલ પ્રદેશ સમિતીની બેઠકમાં સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી હતી. આ યાદી લઈ કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયા તથા વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા દિલ્હી ગયા હતા. જ્યાં આ યાદી હાઈકમાન્ડને સુપ્રત કરી ઉમેદવારોની પેનલ અંગે પ્રાથમિક ચર્ચા કર્યા બાદ આ બંને નેતાઓ ગઈકાલે શુક્રવારે અમદાવાદ પરત ફર્યા હતા.

કોંગ્રેસના સૂત્રોના જણાવ્યા અનુસાર કર્ણાટક વિધાનસભા જીતવાનો જશ્ન પુરો થયા બાદ તથા રેલમંત્રી પવનકુમાર બંસલ તથા કાયદામંત્રી અશ્વિની કુમાર પાસેથી રાજીનામું લઈ લેવામાં બાદ આજે દિલ્હી ખાતે કોંગ્રેસની કોર કમિટીની બેઠક મળી હતી. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ સોનિયા ગાંધીના નિવાસ સ્થાને મળેલી આ બેઠકમાં ગુજરાતના છ ઉમેદવારોની યાદી કલીયર કરવામાં આવી હતી અને અગામી સમયમાં યોજાનારી દિલ્હી, રાજસ્થાન તથા મધ્યપ્રદેશ વિધાનસભાની સામાન્ય ચૂંટણી જીતવાની પણ આક્રમક વ્યૂહરચના ઘડવા પર વિચાર વિમર્શ પણ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા ગુજરાતની પેટાચૂંટણીના ઉમેદવારોની યાદી કલીયર થયા બાદ આજે મોડીસાંજે યાદી જાહેર કરવામાં આવી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં લોકસભાની બે અને વિધાનસભાની ચાર બેઠકો માટે તા. ૨જી જૂનના રોજ યોજાનારી પેટાચૂંટણીમાં ઉમેદવારો પત્રો ભરવાની અંતિમ તારીખ ૧૫મી મે હોવાથી ૧૩મી સુધીમાં બન્ને પક્ષોના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

## ઘાટલોડિયામાં બંધ મકાનમાંથી રૂા. ૧.૩૭ લાખની મતાની ચોરી

અમદાવાદ, તા. ૧૨

શહેરમાં દિવસે દિવસે ચોરી, લૂંટફાટ જેવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો થઈ રહ્યો છે.

શહેરના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલા આનંદબાગ એપાર્ટમેન્ટમાં મકાન નં. ૧૩/૩૦૫માં રહેત પારૂલબેન રણછોડભાઈ પટેલ (ઉ.૪૫) પોતાના પરિવાર સાથે રહે છે. અત્યારે વેકેશનનો સમય હોવાથી પારૂલબેન અને તેમનો પરિવાર વિજાપુર ખાતે વેકેશન માણવા ગયા હતા. તે દરમિયાનમાં શુક્રવારે બપોરના સમયે અજાણ્યા શખ્સોએ ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ઘરની તિજોરીમાં રહેલા સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત કુલ ૧.૩૬ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટયા હતાં.

ગઈકાલે પારૂલબેન ઘરે પરત ફરતા મકાનનો દરવાજો ખુલ્લો જોઈ તપાસ કરતા ઘરનો સામાન વેરવિખેર પડયો હતો અને સોના-ચાંદીના દાગીના સહિત રોકડ રકમની ચોરી થઈ હોવાનું માલૂમ પડયું હતું. ઘટનાની જાણ ઘાટલોડિયા પોલીસને કરાતાં પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આજે અખાત્રીજના શુકનવંતા દિવસે માંગલિક પ્રસગો યોજાશે

અમદાવાદ, તા. ૧૨

રાજ્યમાં આવતીકાલ તા. ૧૩ને સોમવારના રોજ અખાત્રીજના શુભપર્વ નિમિતે ધૂમ લગ્નો, માંગલીક કાર્યો સહિતના પ્રસંગો જમીન મકાન, વાહન અને સોનાચાંદીની ખરીદી માટે વણજોયું શુભ મુહુર્ત છે. અખાત્રીજના શુભદીને આવતીકાલે ધુમ લગ્નો લેવાયા છે.

સોનાચાંદીની ખરીદી માટે પણ અખાત્રીજનો દિન શુભ ગણાય છે. એટલે તમામ ઝવેલર્સોએ ગ્રાહકોને આકર્ષવા માટે વળતરની જાહેરાતો પણ કરી છે.

અખાત્રીજના શુભ ચોઘડીયે અમદાવાદ, રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ધૂમ લગ્નો, માંગલિક કાર્યો સહિતના પ્રસંગો સાથે જમીન, મકાન, વાહન અને સોના-ચાંદીની ખરીદી માટે શુભ અવસર છે. પ્રાચીન માન્યતા પ્રમાણે અખાત્રીજના દિવસથી સત્યયુગનો પ્રારંભ થયો હતો. આખાત્રીજ આદિકાળથી અધિક મહત્વ ધરાવે છે. આ શુકનવંતતા દિવસે શુભકાર્યોની વણઝાર હોય છે. સોમવારે અખાત્રીજે અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ સહિત સૌરાષ્ટ્ર કચ્છમાં ધૂમ લગ્નના ઢોલ ઢબુકશે તેમજ અનેક જગ્યાએ ભૂમિપૂજન, મકાને ઓફિસમાં કુંભ સ્થાપન અને ઉદ્‌ઘાટન સમારોહ સહિતના શુભ કે માંગલિક કાર્યો યોજાશે.

### લગ્નો માટે આજે વણજોયું મૂહુર્ત : સોના ચાંદીની ખરીદી માટે ઉત્તમ દિવસ

અખાત્રીજના શુભમુહુર્ત પર સોનાની ખરીદી માટેનો શુભ અવસર હોવાથી ઝવેરી બજારમાં રોકન પથારાઈ છે. આ પર્વને અનુલક્ષીને સોનાની ખરીદી પર આકર્ષ વળતર યોજના અને અનેક વિધ સ્કીમ મુકવામાં આવી છે. અખાત્રીજનો દિવસ લગ્નની મોસમ, સોનાના ભાવોમાં ઘટાડો થતાં ઝવેરી બજારની ચમક આ વખતે અનોખી રહેશે. તેવો આશાવાદ સોની બજારના વેપારીઓને જોવા મળે છે. અખાત્રીજના શુકનભીના દિવસને અનુલક્ષીને સૌરાષ્ટ્રની સોનીબજાર પણ સજ્જ થઈ ગઈ છે. અખાત્રીજ એ વણજોયા મુહુર્તની સાથોસાથ સુવર્ણ અલંકારોની ખરીદી કરવાનો અનોખો અવસર છે. આ એક એવું પર્વ છે કે આ દિવસે ખાસ અલંકારોની ખરીદી કરવામાં આવે છે. અખાત્રીજ સોમવારે હોવાથી શહેરની સોની બજાર અને જવેલર્સ-શોપમાં ઉત્સવનો માહોલ છવાયો છે. સોનાનાં ભવમાં આવેલી નરમાઈ, લગનપ્રસંગની સિઝનને પગલે અક્ષય તૃતીયાના અવસરે ગ્રાહકો તથા રોકાણકારો પર સોનાની ખરીદી વળતરનો લાભ મળશે.

રાજકોટ ગોલ્ડ ડિલર્સ એસો.ના ભાયાભાઈ સાહોલીયાના જણાવ્યા મુજબ, સભ્ય જવેલર્સો દ્વાર અક્ષય તૃતીયાના પર્વ નિમિતે આજથી ત્રણ દિવસથી ઝગમગાટ ફેલાશે. જે અંતર્ગત ૧૦ ગ્રામની ખરીદી પર સોનાનાં આભૂષણોની ઘડામણમાં રૂ. ૧૦૦૦નું વળતર આપવામાં આવશે.

જ્યારે આ બાબતે શિલ્પા લાઈફ સ્ટાઈલવાળા પ્રભુદાસભાઈ પારેખે જણાવ્યું હતું કે આ શુકનવંતા અવસરે અવનવી ડિઝાઈનના આભૂષણો તેમજ યુવા વર્ગમાં ખાસ લાઈટ વેઈટ જવેલરીની ક્રેઝ છવાયો છે.

## સરકાર પાણીના નામે પ્રજા સાથે છેતરપિંડી કરી રહી છે

અમદાવાદ, તા. ૧૨

નર્મદા યોજના ભાજપ સરકારની છેતરપીંડીનો શિકાર બની રહી છે. અને સરકારની નિષ્ફળતા ખુલ્લી પડી જતા કેન્દ્ર પર ખોટો આક્ષેપો કરી પ્રજાનું ધ્યાન અન્ય તરફ દોરવા સરકારી તિજોરીમાંથી જાહેરાતો પાછળ લાખો રૂપિયા વેડફી રહ્યાંના આક્ષેપ કરતાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં જળ હોય કે મૃગજળ કરોડો રૂપિયા તણાય છે. પાણીના નામે ગુજરાત સરકાર દ્વારા છેતરપીંડી ચાલી રહી છે. ગુજરાતનું જળ વ્યવસ્થાપન કરવા મોદી સરકાર એક પક્ષીય અને બિનલોકશાહી રસો અપનાવી રહી છે. તેમાં તેમણે ૧૫૦૦૦ કરોડ હોમી દીધા છે. લગભગ મફત મળનારી ૧૮૨ મેગાવોટ વીજળી મોદી સરકાર દ્વારા જતી કરવામાં આવી છે. આ ઘટ પૂરી કરવા મોંઘા ભાવે ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદવી પડે છે. સરકારના બિન આયોજન અને ઈચ્છાશક્તિના અભાવે જળ-મૃગજળ માટે કરોડો રૂપિયા ખર્ચાઈ ગયા છે. નર્મદાના ૯૦ લાખ એકર ફૂટ પાણીની વહેંચણી માટેનું સરકારનું આયોજન અધકચરૂ છે. કરોડોના ખર્ચ પછી પણ ખેડૂતોને પાણી મળતુ નથી. સુજલામ સુફલામ યોજનામાં રૂા. ૫૦૦ કરોડનો ગોટાળો છે ઉપરાંત બીજા ગોટાળા જાહેર કરતો જાહરે હિસાબ સમિતિનો અહેવાલ રાજ્ય સરકાર જાહરે કરતી નથી.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડો. મનિષ દોશીએ જણાવ્યું હતુંકે, ભાજપ સરકાર દ્વારા પિયત વિસ્તારના વિકાસમાં વિલંબ થતો ગયો તેથી, બિન-ખેતીના હેતુ માટે નર્મદા યોજનાના પાણીની માંગણીઓ મંજૂર કરાઈ છે કે જે મૂળ આયોજનમાં હતી જ નહી. નર્મદાના પિયત વિસ્તારના ખેડૂતોનું હિત ભાજપ સરકારના અગ્રતાક્રમમાં સૌથી છેલ્લે જ રહ્યું છે. ખેડૂતો માટે સિંચાઈના પાણી કરતાં ભાજપ સકારને ઉદ્યોગપતિઓનું હિત વ્હાલું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર એકા એક જ ૧૦.૬ લાખ એકર ફૂટ પાણીને બદલે ૨૦ લાખ એક ફૂટ પાણી બીન-ખેતીગત હેતુ માટે વાપરવાનો નિર્ણય લીધો ખેડૂતો ઘંટી ચાટશે અને ઉદ્યોગપતિઓને આટા ! ઔદ્યોગિક વપરાશ માટે પાણીની ફાળવણી અંગે ભાજપ સરકારે કોઈ નીતિવિષયક નિર્ણય લીધો નથી. આડેધડ નર્મદાના પાણીની ફાળવણી કરવામાં આવે છે. અનેક ઉદ્યોગોને તેમને માટે મંજૂર કરવામાં આવેલા જથ્થા કરતાં વધારે પાણી આપવામાં આવ્યું હોવાના દાખલા છે. પણ ખેડૂતોને પાણી આપવાની ભાજપ સરકારની દાનત જ નથી.

### અમદાવાદના કુબેરનગર વિસ્તારનો બનાવ

## ધોળા દિવસે સોના-હિરાનાં દાગીના તેમજ રોકડની લૂંટ

### બે બુકાનીધારી શખ્સો રિક્ષામાં જતી મહિલાનો થેલો ઝૂંટવી ફરાર

અમદાવાદ, તા. ૧૨

અમદાવાદ શહેરમાં ધોળા દિવસે લૂંટફાટ તેમજ ચોરીના બનાવોમાં વધારો થઈ રહ્યો છે. શહેરના કુબેરનગર વિસ્તારમાં આવેલા સિંધુ ફલેટ પાસેથી રીક્ષામાં થતી બે મહિલાઓના સોનાના દાગીના હીરા તેમજ રોકડ સહિતની લૂંટ કરી બે અજાણ્યા શખ્સો ફરાર થઈ ગયા હતા.

ધોળા દિવસે થયેલી લૂંટના પગલે સમગ્ર વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. બાઈક પર આવેલા બે શખ્સોએ રીક્ષામાં જતી મહિલાઓના સોનાના દાગીના તેમજ રોકડ ભરેલો થેલો ઝૂંટવી નાસી છૂટયા હતા ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને તપાસ હાથ ધરી હતી.

આધારભૂત સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના સૈજપુરનાં પ્રેમનગરમાં ચંદ્રાબેન કેશવાણી (ઉ.૫૦) પોતાના પરિવાર સાથે રહે છે.

ચંદ્રાબેનના ઘરે થોડા દિવસ પહેલા લગ્નપ્રસંગ પૂર્ણ થયા હતો આ લગ્ન પ્રસંગમાં તેમના બહેન સોનાબેન કંધાણી (ઉ. ૫૨ રહે. બોડેલી, પાવાગઢ) આવ્યા હતા. ગઈકાલે બપોરે ૧ વાગ્યાના સુમારે બંને બહેનો કુબેરનગર ખાતે આવેલા જી વોર્ડમાં આવેલા મંદિરે દર્શન કરવા ગયા હતાં દર્શન કરી બંને બહેનો રિક્ષામાં ઘરે પરત ફરી રહ્યા હતાં તે દરમિયાનમાં સિંધી સોશ્યલ સર્કલ મેરેજ હોલ પાસે આવેલા સિંધુ ફલેટ પાસેથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે બાઈક પર આવેલા બે બુકાનીધારી શખ્સોએ સોનાના દાગીના તેમજ હીરા, રોકડ ભરેલો થેલો ચાલુ રિક્ષાએ ઝૂંટવી ફરાર થઈ ગયા હતા.

લૂંટ થતા જ મહિલાઓએ બૂમાબુમ કરી હતી લોકોના ટોળેટોળા ઉમટી પડયા હતા. ઘટનાની જાણ પોલીસને કરાતાં પોલીસ તાત્કાલીક ઘટના સ્થળે દોડી ગઈ હતી.

પોલીસ તપાસમાં બંને બુકાનીધારી શખ્સો બાઈક પર આવ્યા હતા અને થેલામાં રહેલા ૨૦ તોલા સોનાના દાગીના હીરા તેમજ રોકડ દસ હજાર મળી કુલ રૂપિયા ૨૫ લાખથી વધુની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. પોલીસે તાત્કાલિક શહેરમાં નાકાબંધી કરી લૂંટારૂઓને ઝડપવા તજવીજ હાથ ધરી હતી. મેઘાણીનગર પોલીસે આ અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મેડિકલના મેરિટમાં છેલ્લાં બે સેમિસ્ટર ગણવાની હિલચાલ

### જો આ નિર્ણય થાય તો વાલીઓ દ્વારા કોર્ટકેસ કરવાની તૈયારી

અમદાવાદ, તા. ૧૨

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ આજે જાહેર થવાનું છે ત્યારે ઇજનેરીમાં પ્રવેશ માટે ચારેય સેમિસ્ટર મુજબ મેરિટ બનાવવાનું નક્કી કરાયુ છે. જ્યારે મેડિકલમાં પ્રવેશ માટે છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ બનાવવાની વિચારણા બોર્ડ દ્વારા કરવામાં આવી છે. જો આમ થાય તો મેડિકલમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓને ભારે અન્યાય થાય તેમ છે. જેના કારણે ભારે વિવાદ થાય તેમ છે. મેડિકલમાં છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ ગણવાનું નક્કી કરાશે તો વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા આ નિર્ણયને કોર્ટમાં પડકારવાનું નક્કી કરાયુ છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ધોરણ-૧૨ પછી જે વિદ્યાર્થીઓ એ બી-ગૃપ રાખ્ય છે તેમણે મેડિકલ અને પેરામેડિકલમાં પ્રવેશ મેળવવા નીટ પરીક્ષા આપી છે. જો નીટ પ્રમાણે પ્રવેશ આપવાનું નક્કી થાય તો કોઇ મુશ્કેલી નથી પરંતુ ગુજકેટના આધારે પ્રવેશ આપવાનું નક્કી કરાય તો છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ તૈયાર કરવાની વિચારણા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવી છે. જેનાથી ભારે વિવાદ ઉભો થાય તેવી પરિસ્થિતી છે.

સૂત્રો મુજબ ઇજનેરીમાં પ્રવેશ માટે ૨૦૧૧થી સેમિસ્ટર સિસ્ટમ દાખલ કરવામાં આવી જેનાથી ધો.૧૧માં બે સેમિસ્ટર અને ધો.૧૨માં બે સેમિસ્ટર નક્કી કરવામાં આવ્યા અને તે પ્રમાણે પરિક્ષાઓ લેવામાં આવી. ઇજનેરીમાં પ્રવેશ માટે ધો.૧૧-૧૨ બંનેના મળીને ૪૦ સેમિસ્ટરના સરેરાશ એટલે કે દરેક સેમિસ્ટરના ૨૫ ટકાના આધારે મેરિટ તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. મેડિકલમાં પણ પહેલા ઇજનેરીની જેમ જ મેરિટ તૈયાર થવાનું હતું પરંતુ હવે ૧૨નું પરિણામ આવવાનું છે ત્યારે બોર્ડ દ્વારા મેડિકલમાં પ્રવેશ માટે છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ તૈયાર કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. જે વાલીઓના બાળકો ધો.૧૧માં બે સેમિસ્ટરમાં નબળા હતા તે વાલીઓ આ પ્રક્રિયાની તરફેણ કરી રહ્યા છે. બાકીના વાલીઓ આનો વિરોધ કરી રહ્યા છે. જો છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ બનાવવાનું નક્કી થાય તો ધો.૧૧ના બંને સેમિસ્ટરના માર્ક ગણાય જ નહીં, જેના કારણે ધો.૧૧માં વિદ્યાર્થીઓની મહેનત નકામી જાય તેવી પરિસ્થિતી છે.

ગ્રુપ-એમાં ચારેય સેમિસ્ટર અને ગ્રુપ-બીમાં છેલ્લા બે સેમિસ્ટર પ્રમાણે મેરિટ તૈયાર કરાશે તો ગ્રુપ એ અને બીમાં મોટા પાયે ભેદભાવ ઉભો થાય તેમ છે.

## શબ્દાવલી - ૫૦૬૩



### આડી ચાવી

૧. હોળી પછીનો દિવસ (૩)
૩. અમરપદ, અમર થવું, ... મળવું (૪)
૬. ... નો ખેલ, અંતિમ નિર્ણય થઈ જાય તેવો સમય (૪)
૭. આગળ નહિ પણ... (૩)
૯. હોડી, નૈયા (૨)
૧૦. પાણીની ચકલી (૨)
૧૧. સૈન્ય, સેના (૩)
૧૨. પરીક્ષા (૩)
૧૩. ... આટલું પૂરતું છે એવો ભાવ દર્શાવતો શબ્દ (૨)
૧૫. સવા નવને પાંચ જેવો માણસ (૨)
૧૬. ધૃતરાષ્ટ્રની પત્ની (૩)
૧૭. પલંગ, સેટી (૨)
૧૮. મીંયા પડે પણ... ઉંચી જ રાખે (૩)
૧૯. શરીર, તન (૨)
૨૦. શક, શંકા (૩)

### ઊભી ચાવી

૧. સ્મોકીંગ, સીગારેટ બીડી પીવી તે (૪)
૨. મજાક, મશ્કરી (૩)
૩. એક સુકો મેવો (૪)
૪. તીખા, એક પ્રકારની બીયા (૨)
૫. ... માતાશ્ચ પિતા... (૩)
૮. પ્રપંચ (૫)
૧૧. ના કોઈ ઉંમગ હૈ... મેરી જિંદગી હૈ કયાં... હૈ (ફિલ્મ) (૫)
૧૩. સર્વ, સૌ (૨)
૧૪. સંપૂર્ણ, પુર્ણ (૪)
૧૫. લાફો, ધોલ (૩)
૧૬. અર્જુનનું હથિયાર... ધનુષ્ય (૩)

### શબ્દાવલી ૫૦૬૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) મુલાકાત (૪) કટુતા (૬) કાળ (૭) ડઝન (૯) લપડાક (૧૦) લોકલ (૧૨) રેલ (૧૩) બનાટ (૧૪) વડી (૧૫) તાર (૧૬) સામેલ (૧૭) સુકાન (૨૦) ફટકારવું (૨૧) ડર

**ઊભી ચાવી :-** (૧) મુકાબલો (૨) લાળ (૩) તડપ (૪) કનક (૫) તાલમેલ (૮) ઝડાઉ (૯) લલના (૧૧) કબર (૧૨) રેડીમેઈડ (૧૪) કાર (૧૫) તારીફ (૧૭) સુકા (૧૮) કાર (૧૯) નવુ


### કંપની સમાચાર

#### ડિઝલ મેગા ચીફ ટાઈમ પિસીઝની રજૂઆત

ફોસિસ ઈન્ફો દ્વારા ડિઝલ મેગા ચીફ ટાઈમ પીસીઝની રજૂઆત કરવામાં આવી છે. ડિઝલ ક્રિયેટીવ ટીમ દ્વારા ડિઝાઈન થયેલી આ ટાઈમ ફ્રેમ્સ રૂા. ૧૧,૪૯૫ અને તેથી વધુ મૂલ્યમાં ઉપલબ્ધ છે. આ કલેકશન લાઈફસ્ટાઈલ, શોપર્સ સ્ટોપ, હેલિયોસ, ઈથોઝ, જસ્ટ ઈન વૉચ વગેરે જેવા અગ્રણી સ્ટોરોમાં ઉપલબ્ધ છે. DZ4280 ની ડિઝાઈનની પ્રેરણા ડેશબોર્ડ પરથી લેવામાં આવી છે. વ્હાઈટ ડાયલ અને લેધર સ્ટ્રેપ્સ સાથેનું આ મોડલ નિર્ભય દેખાવ આપે છે.

#### ફિગર એક્ટીવ ગુજરાતમાં લાવે છે ક્રિકેટ રસિકો માટે કલેકટેબલ કલ્ચર

#### અજોડ બે ઈંચ ક્રિકેટ સ્ટાર્સ કલેકટેબલ કોન્ટેસ્ટની જાહેરાત

યુકે સ્થિક ફિગરએક્ટીવ લિ.એ 'કલેકટ એન્ડ વિન' નામની અનોખી સ્પર્ધા ક્રિકેટ રસિકો માટે રજૂ કરી છે. ફિગર એક્ટીવની પ્રોડક્ટ ક્રિકેટ સ્ટાર્સ રેન્જની કિંમત રૂા. ૧૯૯ છે અને રિલાયન્સ હોમ વીડિયો એન્ડ ગેમ્સ દ્વારા તેનું વિતરણ કરવામાં આવે છે. બે ઈંચ કલેકટેબલ્સ ભારતમાં હેમલેઝ, શોપર્ટ સ્ટોપ, લેન્ડમાર્ક, લાઈફસ્ટાઈલ, ક્રોસવર્ડ અને ફલીપકાર્ડ જેવા આઉલટલેટ સહિત ૧૦,૦૦૦ થી વધુ આઉટલેટ્‌સમાં ઉપલબ્ધ છે.

#### આયોન એક્સચેન્જ ક્રાંતિકારી ઝીરો બી ઈકો આરપો વોટર પ્યુરિફાયર લઈને આવી

જળ ઉપચાર ઉદ્યોગમાં આગેવાન આયોન એક્સચેન્જ (ઈન્ડિયા) લિ. ક્રાંતિકારી ઝીરો બી ઈકો આરઓ વોટર પ્યુરિફાયર લઈને આવી છે. જળ અને પર્યાવરણ વ્યવસ્થાપનમાં આગેવાન કંપની આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મજબૂર અસ્તિત્વ ધરાવે છે. લગભગ પાંચ દાયકાની આયોન એક્સચેન્જ (ઈન્ડિયા) લિ. એ ઉદ્યોગ, ઘરો અને સમુદાયો માટે એક છત હેઠળ નિવારણ આપવા માટે ટેકનોલોજીના ક્ષેત્રમાં ઘણી બધી પથદર્શક નાવીન્યતાઓ રજૂ કરી છે.વોટર પ્યુરિફાયરમાં ટેકનોલોજીકલ નાવીન્યતામાં આગેવાન આયોન એક્સચેન્જે હવે ઈકો આરઓ નામે તેની ફલેગશિપ બ્રાન્ડ ઝીરો હેઠળ દુનિયાની પ્રથમ હાઈ રિકવરી વોટર પ્યુરિફાયર રજૂ કર્યું છે. આ પ્રોડકટ ઉર્જા કાર્યક્ષમ છે અને પર્યાવરણ મૈત્રીપૂર્ણ પણ છે. તે ૭૦ ટકા સુધી પાણીની બચત કરે છે. આયોન એક્સચેન્જની ફલેગશિપ બ્રાન્ડ ઝીરો બી પ્યુરિફાયર્સ દુનિયાભરમાં લાખ્ખો ગ્રાહકોની વિશ્વાસુ છે અને આજે મોટા ભાગનાં ઔદ્યોગિક અને સંસ્થાકીય ગ્રાહકોમાં પ્રાધાન્ય પ્રોડકટ છે.


## આજે મ્યુનિ. વિપક્ષના સભ્યો વી.એસ.માં ફળ વિતરણ કરશે

અમદાવાદ, તા. ૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિપક્ષના નેતા બદરૂદ્દિન શેખ અને શહેર કોંગ્રેસ પ્રમુખ પંકજ શાહે ગઈકાલે વી.એસ. હોસ્પિટલ અંગે કરેલી જાહેરાતને આવકારતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષની મુખ્ય ત્રણ માંગણી હતી. (૧) ગરીબ દર્દીઓને પ્રવર્તમાન દરે સારવાર મળવી જોઈએ. (૨) સરદાર પટેલની ગરિમા જળવાય તે રીતે તેમની પ્રતિમાનું સ્થાપન કરવું અને (૩) હાલનું ઐતિહાસિક ઈમારતને તોડવી નહી.

અમારી આ ત્રણે ત્રણ માંગણી અમારા આંદોલન બાદ સ્વીકારાઈ તે અંગે હર્ષની સાથે પ્રજાજનોએ સાચી બાબતમાં આપેલા ઉષ્માભર્યા સહકાર પરત્વે આભારાની લાગણી વ્યક્ત કરીએ છીએ. જનતાના વિજયને વધાવવાના પ્રતીકરૂપે સોમવારે વી.એસ. હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને ફળોનું વિતરણ કરવામાં આવશે.

આ ઉપરાંત જુના મકાનો જ્યાં પણ જર્જરિત થઈ ગયા હોય, તિરાડો પડી હોય, કયાંક નળ કે ગટરનું લિકેજ હોય, વીજળીના વાયરો બરાબર ના હોય તે તમામ બાબતો દર્દીઓના લાભાર્થે તાકિદે દુરસ્ત કરવા જોઈએ અને જુના બીલ્ડીંગોનું આયુષ્ય વધે તે માટે તેને રીસ્ટોર કરવા જોઈએ. જેથી ગરીબ દર્દીઓને પડતી હાલાકી દૂર થાય.

### અનેક અડચણ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૦ લાખની સરેરાશ અવરજવર કરતી પબ્લિક હોવી જોઈએ. ખાસ કરીને શહેરની બસોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમદાવાદના કેસમાં માત્ર નવ લાખની આસપાસના લોકો છે. આમા એએમટીએસ એકલામાં દરરોજ સાત લાખ મુસાફરો ફરે છે.

સિંહે બારમી પંચવર્ષીય યોજનાની શરતોનો પણ ઉલ્લેખ કર્યો છે જે હેઠળ નાગરિકોની સરેરાશ ટ્રીપલેન્થ સાત કિલોમીટર અને આઠ કિલોમીટર સુધીની હોવી જોઈએ. નેશનલ અર્બન ટ્રાન્સફર પોલીસીમાં નક્કી કરવામાં આવેલી શરતોના કારણે મેટ્રો પ્રોજેક્ટ ઉપર ઘણી અડચણો રહેલી છે. અમદાવાદના કેસમાં એવરેજ ટ્રીપ લેન્થ ૫.૫ કિલોમીટરની છે. એનટીયુપી દ્વારા જણાવાયું છે કે કોરીડોર માટે ફરનાર લોકોની સંખ્યા વધારે હોવી જોઈએ. કેન્દ્ર સરકાર માને છે કે મેટ્રો પ્રોજેકટને સંયુક્ત સાહસ મારફતે હાથ ધરી શકાય છે. ઘણા પ્રોજેક્ટો આ રીતે જ આગળ વધ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા બાદ મેટ્રો પ્રોજેકટને લઈને લોકોની ઈચ્છા હજુ પૂરી થવાની શક્યતા ઓછી દેખાઈ રહી છે.

### અનોખી પરબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચલાવી લેવાય પરંતુ પાણી વગર એક કલાક પણ ન ચાલે. પાણીની પરબ અત્યારે ઠેક ઠેકાણે નજરે પડતી હોય છે. પરંતુ ચ-૦ પાસે આવેલા વન વિભાગની નર્સરીની બહાર મીનરલ વોટરના જગ મુકી ઉમદા માનવ સેવાનું કામ આજ વિસ્તારના ગોવિંદભાઈ વણઝારા, જિતેન્દ્રભાઈ પ્રજાપતિ, ચિરાગભાઈ રાણા તેમજ જયેન્દ્રસિંહ વાઘેલા દ્વારા થઈ રહ્યું છે. છેલ્લા એક મહીનાથી પણ વધુ સમયથી આ સેવા પ્રજા માટે કરવામાં આવી છે. એસી ગાડીમાં આવનાર વ્યકિત પણ આ સેવા જોઈનો આનો લાભ લેવા માટે રોકાતા હોય છે. એક દિવસમાં ૪૦ થી ૫૦ વોટર જગ ખાલી થતા હોય છે. આ મિત્રો દ્વારા જ તેમને બદલી અને દિવસ દરમિયાન પાણીની અવિરત સેવા પુરી પાડવામાં આવે છે. મીનરલ વોટર પરબનો વિચાર આવતા આજ વર્ષે જ તે ચાલુ કરવામાં આવી છે. હવે તો દર વર્ષે ઉનાળાની સિઝનમાં આ સેવા કાર્ય કરવું જ છે તેવો નિશ્ચય આ મિત્ર વર્તુળે કર્યો છે. દરરોજ સવારે પાણીના ચાલીસેક જગ ઉતારવામાં આવે છે અને સાંજ સુધી આમાં વધારો કરવો હોય તો પણ ફોન દ્વારા જગ મંગાવી દેવાય છે જેથી આ સેવા ખોરવાય નહીં. ખરેખર ઉનાળાના દિવસોમાં પાણીની જરુરીયાત સૌથી વધુ રહેતી હોય છે ત્યારે આ આધુનિક પરબ જોઈ લોકો આપ મેળે જ અહીં રોકાય છે અને પાણીની તરસ છીપાવે છે.